



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા



શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ
શ્રી કે.પી.સંઘવી હોસ્પિટલ
SHRI K. P. SANGHVI HOSPITAL
લાલવાડી, સગરામપુરા, સેન્ટર પોઈન્ટ પાછળ, રીંગરોડ, સુરત-૨. ફોન : ૨૪૭૭૭૮૮, ૨૪૬૨૦૭૭-૮૮
સીટી કેન્સર યુનિટ સહયોગ ભરત કેન્સર હોસ્પિટલ
તમામ પ્રકારના કેન્સર રોગના અનુભવી નિષ્ણાંત તજજ્ઞની ઓ.પી.ડી.માં સેવા ઉપલબ્ધ
ઓન્કો (કેન્સર) સર્જન
ડૉ. સાગર અગ્રવાલ : MDS, Fellowship Head & Nack Surgical Oncology : સોમવાર : સાંજે ૪ થી ૫
ડૉ. દિનેશ શાહ : MDS, Fellowship Head & Nack Surgical Oncology : મંગળવાર : સાંજે ૪ થી ૫
ડૉ. આકાશ વાઘાણી : M.S.DNB Onco Surgeon : બુધવાર : સાંજે ૪ થી ૫
ડૉ. રાહુલ શાહ : M.S.DNB Onco Surgeon : ગુરૂવાર : સાંજે ૪ થી ૫
ડૉ. સોહમ પટેલ : M.S.DNB Onco Surgeon : શુક્રવાર : સાંજે ૪ થી ૫
ઓન્કો (કેન્સર) મેડીસીન
ડૉ. ડીન્કી ગજીવાલા : M.D.DM. Onco Surgeon : શનિવાર : સવારે ૯ થી ૧૦
સર્વ પ્રકારની સારવાર માટે કેશલેસ સુવિધા તથા સરકારશ્રીની આયુષ્યમાન યોજનાની સુવિધા ઉપલબ્ધ



માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૨ * * * સંવત ૨૦૮૧ માગશર વદ ચૌદસ રવિવાર ૨૯ ડિસેમ્બર, ૨૦૨૪ * * * દૈનિક : ૮૮ - અંક : ૪૭

પાનાં ૧૦+૮ કિંમત ₹ ૬.૦૦


# મનમોહન સિંહના સ્મારક સ્થળ બાબતે ભારે વિવાદ

**જ્યાં** સ્મારક બનાવી શકાય તેવા ખાસ સ્થળે અંતિમવિધિ કરાવવાને બદલે નિગમબોધ ઘાટ ખાતે કરાવવા બદલ કોંગ્રેસ સહિતના વિપક્ષોએ સરકારને ઝાટકી

**કોંગ્રેસ** ખાસ સ્થળ માટે માગણી કરી હતી છતાં નિગમબોધ ઘાટ ખાતે જ અંતિમ સંસ્કારનું આયોજન કરાયું

**ભાજપ** કહે છે કે સ્મારક માટે તૈયારી ચાલે જ છે, કોંગ્રેસ ગંદુ રાજકારણ રમી રહી છે




**નવી દિલ્હી, તા. 28:** દેશના ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહના અંતિમ સંસ્કાર જ્યાં તેમનું સ્મારક બનાવી શકાય તેવી કોઇ ખાસ જગ્યાએ કરવાને બદલે જ્યાં સામાન્ય લોકોની પણ અંતિમવિધિ થાય છે તે નિગમ બોધ ઘાટ ખાતે કરવા બદલ કોંગ્રેસ સહિતના વિપક્ષોએ સરકાર પર પસ્તાળ પાડી હતી જ્યારે ભાજપે વળતા પ્રહારો કરતા કોંગ્રેસ પર આ મામલે રાજકારણ રમવાનો આક્ષેપ કર્યો હતો.

કોંગ્રેસે શનિવારે કેન્દ્ર પર આરોપ લગાવ્યો હતો કે, દેશના પ્રથમ શીખ વડા પ્રધાન મનમોહન સિંહના અંતિમ સંસ્કાર કોઈ નિર્ધારિત સ્થળે કરવાને બદલે નિગમબોધ ઘાટ પર કરીને તેમનું અપમાન કર્યું છે, જ્યાં બાદમાં તેમનું સ્મારક બની શકતે. વિરોધ પક્ષે સિંહના અંતિમ સંસ્કાર માટે ખાસ સ્થળની ફાળવણી કરવા માટે કેન્દ્રને પત્ર લખ્યો હતો, જ્યાં તેમનું એક સ્મારક બનાવી શકાય. જો કે સરકારે આ માગણી સ્વીકારી ન હતી, પણ બાદમાં જણાવ્યું હતું કે મનમોહનનું સ્મારક બનાવવા માટે બાદમાં જગ્યા નક્કી કરવામાં આવશે.

આ મામલે રાજકારણ શરૂ થવા પર કેન્દ્રએ જણાવ્યું હતું કે, સ્મારક બનાવવનનો નિર્ણય પહેલેથી જ લેવામાં આવ્યો છે અને ટૂંક સમયમાં સ્થળની ઓળખ કરવા માટે ટ્રસ્ટની રચના કરવામાં આવશે. લોકસભાના વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, ભારત માતાના મહાન પુત્ર અને શીખ સમુદાયના પ્રથમ વડા પ્રધાનનું શનિવારે નિગમબોધ ઘાટ ખાતે અંતિમ સંસ્કાર કરીને ભાજપના નેતૃત્વ હેઠળના કેન્દ્ર દ્વારા સંપૂર્ણ રીતે અપમાન કરવામાં આવ્યું છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, સિંહ 10 વર્ષ સુધી વડા પ્રધાન રહ્યા હતા, તેમના કાર્યકાળ દરમિયાન દેશ આર્થિક મહાસત્તા બન્યો અને તેમની નીતિઓ હજી પણ ગરીબ અને પછાત વર્ગો માટે સહાયક પ્રણાલી છે. “અત્યાર સુધી તમામ ભૂતપૂર્વ વડા પ્રધાનોની ગરિમાને માન આપીને તેમના અંતિમ સંસ્કાર અધિકૃત દફન સ્થળો પર કરવામાં આવ્યા હતા, જેથી દરેક વ્યક્તિ અંતિમ દર્શન કરી શકે અને કોઈપણ અસુવિધા વિના શ્રદ્ધાંજલિ આપી શકે.'' ગાંધીએ એક્સ પર હિન્દીમાં એક પોસ્ટમાં કહ્યું, ''ડૉ. મનમોહન સિંહ અમારા સર્વોચ્ચ સન્માન અને સ્મારકને પાત્ર છે. સરકારે દેશના આ મહાન પુત્ર અને તેના ગૌરવપૂર્ણ સમુદાયને આદર કરવો જોઈએ.''

આપએ પણ શનિવારે ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહના અંતિમ સંસ્કાર માટે દિલ્હીમાં રાજઘાટ સંકુલમાં જગ્યા ન ફાળવવા બદલ ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારની ટીકા કરી હતી અને કહ્યું હતું કે તે વૈશ્વિક સ્તરે ભારતની છબિને ખરાબ કરે છે. તમિલનાડુના ડીએમકેએ પણ સરકારના વર્તનને વખોડીને કહ્યું હતું કે દેશના એક મહાન નેતાનું આ અપમાન છે, શીખ સમાજનું પણ અપમાન છે.

...અનુસંધાન પાના 02 પર

## મનમોહન માટે ભૂતાનમાં પ્રાર્થના...



ગુરુવારે અવસાન પામેલા ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહના માનમાં પાડોશી દેશ ભૂતાનમાં એક સ્થળે ખાસ પ્રાર્થના યોજાઇ હતી જેની વિધિ તસવીરમાં જોઇ શકાય છે. ભારતના શોકમાં ઐક્ય દર્શાવવા ભૂતાને પણ પોતાનો રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકાવ્યો હતો. શનિવારે મનમોહન સિંહની અંતિમ વિધિમાં પણ ભૂતાનના રાજા હાજર રહ્યા હતા.

## કાશ્મીરમાં ભારે બરફવર્ષાથી સામાન્ય જનજીવન ખોરવાયું



**શ્રીનગરમાં** આઠ ઈંચ બરફ પડ્યો, શ્રીનગર-લેહ હાઇવે પર ઝોજિલા ખાતે ૧૫ ઈંચ અને અનંતનાગના મેદાની વિસ્તારોમાં ૧૭ ઈંચ બરફ વર્ષા

**હવાઇ** અને રેલવે સેવાઓ ખોરવાઇ, શ્રીનગર-જમ્મુ નેશનલ હાઇવે બંધ

**શ્રીનગર, તા. 28 (PTI).** કાશ્મીરમાં શનિવારે સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. કારણ કે, ખીણના મોટા ભાગના વિસ્તારોમાં ભારે હિમવર્ષા થઈ હતી. હિમવર્ષાના કારણે ફ્લાઈટ અને રેલવે કામગીરીમાં વિક્ષેપ પડ્યો હતો અને શ્રીનગર-જમ્મુ નેશનલ હાઈવે પણ બંધ થઈ ગયો હતો. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

શુક્રવારથી સમગ્ર કાશ્મીરમાં મધ્યમથી ભારે હિમવર્ષા નોંધાઈ

...અનુસંધાન પાના 02 પર

## મનમોહન સિંહનો પાર્થિવ દેહ પંચમહાભૂતમાં વિલીન

**કોંગ્રેસ** વડામથકેથી સ્મશાનયાત્રા નિકળી, નિગમબોધ ઘાટ ખાતે સંપૂર્ણ રાજકીય સન્માન સાથે અગ્નિ સંસ્કાર થયા

**અંતિમ** વિધિ વખતે રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, વિપક્ષી નેતાઓ, વિશાળ ચાહક વર્ગની હાજરી

**ભૂતાનના** રાજા અને મોરિશ્યસના વિદેશ મંત્રી પણ અંતિમ વિધિમાં હાજર રહ્યા



**નવી દિલ્હી, તા. 28:** દેશના ભૂતપૂર્વ વડાપ્રધાન અને પીઢ અર્થશાસ્ત્રી એવા મનમોહન સિંહને આજે શોકાતુર રાષ્ટ્રએ ભાવભીની વિદાય આપી હતી જયારે આજે અહીંના નિગમબોધ ઘાટ ખાતે સંપૂર્ણ રાજકીય સન્માન સાથે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

મનમોહન સિંહનો પાર્થિવ દેહ આજે સવારે નવ વાગ્યાના સુમારે તેમના નિવાસસ્થાનેથી એઆઇસીસીના વડામથકે લાવવામાં આવ્યો હતો અને ત્યાં લગભગ એકાદ કલાક સુધી તેને અંતિમ દર્શન માટે રાખવામાં આવ્યો હતો. ત્યારબાદ ત્યાંથી નિગમબોધ ઘાટ જવા માટે સ્મશાનયાત્રા નિકળી હતી જેમાં મનમોહન સિંહનો મૃતદેહ શણગારેલા લશ્કરી વાહનમાં તિરંગો વિંટાળીને રાખવામાં આવ્યો હતો. સવારે ૧૧.૩૦ કલાકના સુમારે સ્મશાનયાત્રા નિગમબોધ ઘાટ ખાતે પહોંચી હતી. જ્યાં ભૂતપૂર્વ વડાપ્રધાનના પાર્થિવ દેહને ખાસ બનાવેલ મંચ પર રાખવામાં આવ્યો હતો અને વિવિધ પક્ષોના નેતાઓએ તેમને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ અને સેનાની ત્રણેય પાંખોના વડાઓએ પણ પુષ્પાંજલિ આપી હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ટોચના નેતાઓ, કેન્દ્રીય મંત્રીઓ, વિપક્ષના નેતાઓ, વિદેશી મહાનુભાવો અને અન્ય મહાનુભાવોની તથા મનમોહન સિંહના ચાહકોની હાજરીમાં શીખ વિધિ પ્રમાણે તેમના અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યા હતા. તેમની પુત્રીએ તેમને મુખાગ્નિ આપી હતી. મનમોહનના પત્ની ગુરુશરણકૌર અને ત્રણેય પુત્રીઓ સ્મશાન ગૃહમાં હાજર હતા. સોનિયા અને પ્રિયંકા ગાંધી પણ હાજર હતા. અંતિમ સંસ્કાર પ્રસંગે સેનાએ મનમોહનને ૨૧ તોપોની સલામી આપી હતી. અંતિમવિધિ વખતે ભૂતાનના રાજા

...અનુસંધાન પાના 02 પર

## પુતિને અઝરબૈજાનની વિમાન દુર્ઘટના બદલ માફી માંગી



**આ વિમાન** યુક્રેન સામેના મિસાઇલ મારામાં તૂટી પડ્યું હોવાની દેખીતી કબૂલાત, જો કે પૂરી જવાબદારી લેવાનું ટાળ્યું

**મોસ્કો, તા. 28 (AP).** રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિને શનિવારે તેમના અઝરબૈજાની સમકક્ષ પાસે કઝાકિસ્તાનમાં એક અઝરબૈજાની વિમાનના ક્રેશ થયા બાદ થયેલી દુઃખદ ઘટના માટે માફી માંગી હતી, જેમાં 38 લોકોનાં મોત થયાં હતાં. આ વિમાન બુધવારે અઝરબૈજાનની રાજધાની બાકુથી ચેચન્યાના રશિયન પ્રજાસત્તાકની પ્રાદેશિક રાજધાની ગ્રોઝની માટે ઉડાન ભરી રહ્યું હતું, જ્યારે તે કઝાકિસ્તાન તરફ વળ્યું અને લેન્ડ કરવાનો પ્રયાસ કરતી વખતે ક્રેશ થયું, જેમાં 29 લોકોનો ચમત્કારિક બચાવ થયો હતો. શનિવારે એક સત્તાવાર નિવેદનમાં ક્રેમલિને જણાવ્યું હતું કે, વિમાને લેન્ડ કરવાનો પ્રયાસ કરવા દરમિયાન યુક્રેનિયન ડ્રોન હુમલાને ગ્રોઝની

...અનુસંધાન પાના 02 પર

## બળવાખોરો પર નાઈજિરિયન લશ્કરના હુમલાના પ્રયાસમાં ભૂલથી દસ નાગરિકો માર્યા ગયા

**નાતાલના** દિવસે જ કરૂણ ઘટના બની, લકુરાવા બળવાખોર જૂથ પર હવાઇ હુમલાના પ્રયાસમાં લશ્કરે ભૂલથી નાગરિક વસાહત પર બોંબમારો કર્યો

**ડકાર (સેનેગલ), ડિસેમ્બર 28 (AP).** ઉત્તરપશ્ચિમ નાઈજીરીયામાં સશસ્ત્ર જૂથને નિશાન બનાવીને કરવામાં આવેલા હવાઈ હુમલામાં ભૂલથી ઓછામાં ઓછા 10 નાગરિકો માર્યા ગયા એમ પશ્ચિમ આફ્રિકન રાષ્ટ્રના સૈન્યએ શુક્રવારે જણાવ્યું હતું. નાઈજિરિયન સંરક્ષણ પ્રવક્તા એડવર્ડ બુબાએ પત્રકારોને એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, નાતાલના દિવસે ગ્રામજનો માર્યા ગયા હતા જ્યારે હવાઈ દળે સોકોટો રાજ્યના સિલેમ વિસ્તારમાં લકુરાવા બળવાખોર જૂથના લોજિસ્ટિક્સ બેઝને નિશાન બનાવ્યું હતું. ગુરુવારે, સોકોટો રાજ્ય સરકારે જણાવ્યું હતું કે વાયુસેનાએ આ વિસ્તારમાંથી બળવાખોરોને દૂર કરવાના પ્રયાસમાં બુધવારે વહેલી સવારે ગ્રામજનો પર ભૂલથી બોંબમારો કર્યો હતો. જો કે, શુક્રવારના રોજ, બુબાએ કહ્યું હતું કે લકુરાવા વિદ્રોહીઓ જ હુમલાનું નિશાન બનયા હતા અને નાગરિકો અન્ય વિસ્ફોટોથી મૃત્યુ પામ્યા હતા.

લકુરાવા બળવાખોર જૂથે પડોશી નાઈજર, માલી અને બુર્કિના ફાસો સાથે નાઈજિરિયાના સંબંધોમાં વિક્ષેપ પાડતા બળવાના મોજાને પગલે આફ્રિકાના સૌથી વધુ વસ્તી ધરાવતા દેશમાં ઘૂસણખોરી કરવાનું શરૂ કર્યું હતું. શરૂઆતમાં સ્થાનિક સમુદાયોને સશસ્ત્ર ઢોર ચોરો સામે પોતાનો બચાવ કરવામાં મદદ કરીને સ્થાનિક સમર્થન મેળવીને, આ જૂથે પાછળથી ફ્રેન્ચ-ભાષી દેશોના

...અનુસંધાન પાના 02 પર

તા. ૨૮-૧૨-૨૦૨૪નું સુરત શહેરનું

**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- |
| ૨૬.૬° સે. | ૧૮.૪° સે. | ૭૨% |




